## પ્રકરણ - (૪)

### નાટ્યશાસ્ત્રનું સ્વરુપ, વર્ણ્યવિષય તથા રચનાશૈલી

**સ્વરુપ :**

નાટ્યશાસ્ત્રનો સમગ્ર વિસ્તાર ભરત અને એની પાસે પ્રશ્ન કરવા આવેલા મુનિઓના સંવાદ રુપમાં થયેલો છે. મુનિના પ્રશ્ન અને એના ઉત્તર એ રીતે આખો ગ્રંથ વિસ્તાર પામતો જાય છે. પહેલાં અધ્યાયમાં પૌરાણિક પધ્ધતિએ નાટ્યવેદ અને નાટ્યની ઉત્પત્તિનો ખ્યાલ આપવામાં આવ્યો છે. પહેલા અધ્યાયની શરુઆતમાં મંગલાચરણનો શ્લોક છે અને છેલ્લા અધ્યાયની અંતે ફળશ્રુતિ છે, આમ નાટ્યશાસ્ત્રનું સ્વરુપ પુરાણગ્રંથોને મળતું આવે છે.

નાટ્યશાસ્ત્રમાં કુલ ૩૬ (કેટલીક આવૃત્તિઓમાં ૩૭) અધ્યાયોમાં લગભગ ૬ હજાર શ્લોક છે. જેમાં મુખ્યત્વે નાટ્યસિધ્ધાંત, નાટ્યપ્રયોગ તથા નૃત્ય, સંગીત અને કાવ્યશાસ્ત્ર વિગેરેનું પધ્ધતિસરનું આલેખન છે. નાટ્યઉત્પત્તિ, નાટ્યમંડપ, નાટ્યસિધ્ધાન્ત - દશરુપક, ઇતિવૃત્ત તથા પાત્રો, રસ, ભાવ, છંદ, અલંકાર, નાટ્ય પ્રસ્તુતીકરણ-પૂર્વ રંગ, ભૂમિકાવિધાન, નાટ્યાચાર્ય, રંગશિલ્પી, સિધ્ધિવિધાન, નાટ્ય પ્રયોગ વિજ્ઞાન - આંગિક, વાચિક આહાર્ય સામાન્ય તથા ચિત્ર અભિનય, નાટ્ય રુઢિઓ -વૃત્તિ, પ્રવૃત્તિ, ધર્મીના તેમજ નાટ્યની આનુષંગિક કળાઓ - ગીતવાદ્ય, નૃત્ત, નૃત્ય, દરેક વિષયનું વિશદ નિરુપણ છે. એટલે નાટ્યશાસ્ત્ર સાચા અર્થમાં નાટ્યનો 'સર્વજ્ઞાન સંગ્રહ' ( encyclopedia ) છે, એક આકરગ્રંથ' છે. નાટ્યશાસ્ત્રના પહેલાં અધ્યાયમાં જે પ્રતિજ્ઞા છે કે :-

> ન તજ્જ્ઞાનં ન તચ્છિલ્પં ન સા વિધા ન સા કલા ।
> નાસૌ યોગો ન તત્કર્મ નાટ્યેઅસ્મિન્ યન્ન દૃશ્યતે ॥

(અધ્યાય-૧ :૧૧૩, ૧૧૪)

(અર્થાત એવું કોઇ જ્ઞાન નથી, એવું કોઇ શિલ્પ નથી, એવી કોઇ વિદ્યા નથી, એવી કોઇ કલા નથી ,એવો કોઇ યોગ નથી કે એવુ કોઇ કર્મ નથી જે નાટ્યમાં ન દેખાતાં હોય -

તે ના.શા.નું સ્વરુપ જોતાં ચરિતાર્થ થાય છે.

## "નાટ્યશાસ્ત્રે ચર્ચેલા વિષય"

| | | |
|---|---|---|
| અધ્યાય-૧ | નાટ્યોત્પત્તિ | દૃશ્ય શ્રાવ્ય એવા ક્રીડનિયક નાટ્યનું ચાર વેદ -માથી પાઠય (ઋગ્વેદ) અભિનય (યજુર્વેદ) રસ (અથર્વવેદ) તથા ગાન (સામવેદ) લઇ નાટ્યવેદનું બ્રહ્મા દ્વારા સર્જન, સર્વ વર્ણના લોકો માટે નાટ્યનું સ્વરુપ, પોતાના સો પુત્રોના સહકારથી નાટ્યનો પ્રયોગ વિગેરે. |
| અધ્યાય-૨ | પ્રેક્ષાગૃહનું લક્ષણ | ત્રણ પ્રકારના નાટ્યમંડપ - વિકૃષ્ટ, ચતુરસ્ર, અને ત્ર્યસ્ત્ર, નેપથ્યગૃહ, રંગશીર્ષ, રંગપીઠ, મત્તવારણી, મંડપ બાંધણી ચિત્રકર્મ વિગેરેનું વિસ્તૃત વર્ણન. |
| અધ્યાય-૩ | રંગદૈવતપૂજન | નાટ્યાચાર્યના પ્રાથમિક કર્તવ્ય, દેવસ્તુતિ તથા નાટ્યવેશ્મમાં સ્થાપિત વિવિધ દેવોની પૂજાવિધિ. |
| અધ્યાય-૪ | તાંડવલક્ષણ | તાંડવ નૃત્તનું વર્ણન, વિવિધ પ્રકારના કરણ, અંગહાર રેચક વિગેરેની સમજ. નૃત્તનો અર્થ, નર્તકીકર્મ વિગેરે. |
| અધ્યાય-૫ | પૂર્વરંગવિધિ | નાટ્યપ્રયોગ પૂર્વેના મંગળાત્મક અને મનોરંજનાત્મક નાન્દી વિગેરે પૂર્વરંગના વિવિધ અંગોનું વર્ણન, સૂત્રધાર સ્થાપક, પૂર્વરંગ સમયની ધ્રુવાઓ વિગેરે. |
| અધ્યાય-૬ | રસવિચાર | રસનિષ્પત્તિ, આઠ રસ-પરિભાષા, લક્ષણ અને પ્રભેદો. |

| | | |
|---|---|---|
| અધ્યાય-૭ | ભાવવ્યંજક | ભાવ, વિભાવ, અનુભાવની વ્યુત્પત્તિ, પરિભાષા તથા તેમનો રસ સાથેનો સંબંધ સાત્વિક, સ્થાયી, સંચારી ભાવોની સમજ. |
| અધ્યાય-૮ | આંગિક અભિનય | અભિનયની વ્યુત્પત્તિ અને વ્યાખ્યા, આંગિક અભિનય, દૃષ્ટિભેદ. |
| અધ્યાય-૯ | ઉપાંગાભિનય | હાથ, છાતી, પડખાં, કેડ, જંઘા, સાથળ અને પગના અભિનય. |
| અધ્યાય-૧૦ | ચારીવિધાન | ભૌમી અને આકાશી ચારીઓનું વર્ણન, ચારિવિધિ, શસ્ત્ર પ્રક્ષેપણ, શસ્ત્ર વિધિ . |
| અધ્યાય-૧૨ | મંડલવિધાન | ચારીના સંયોગથી થયેલાં મંડળો વિશે વર્ણન મંડલ પ્રયોગવિધિ. |
| અધ્યાય-૧૩ | ગતિપ્રચાર | પાત્રોનો પ્રવેશ, પ્રકૃતિઓ, ગતિના પ્રકાર, સમપાદ, આસનવિધિ. |
| અધ્યાય-૧૪ | કક્ષ્યાવિભાગ | પ્રયોગ માટેનાં રંગ મંડપ ઉપરના વિભિન્ન સ્થાન, અનેક પ્રકારના સ્થાનગમનનો અભિનય, પ્રવેશક, અંક વિચ્છેદ, ચાર પ્રવૃત્તિ, ધર્મોના - લોકધર્મી, નાટ્યધર્મી. |
| અધ્યાય-૧૫ | વાચિક અભિનય | સ્વર, વ્યંજન, તેના ઉત્પત્તિ સ્થાન, નામ, ક્રિયાપદ, અવ્યય, ઉપસર્ગ, વિભક્તિ. |
| અધ્યાય-૧૬ | વૃત્તલક્ષણ | વિવિધ વૃત્તોનાં લક્ષણ અને તેમનો વિનિયોગ. |
| અધ્યાય-૧૭ | કાવ્યબંધનાં લક્ષણ | ૩૬ લક્ષણોનાં નામ, અલંકાર વિધાન. |

(કેટલીક આવૃત્તિઓમાં એકજ અધ્યાયમાં — અધ્યાય-૮ અને અધ્યાય-૯)

| | | | |
|---|---|---|---|
| કેટલીક આવૃત્તિ-ઓમાં આનો એકજ અધ્યાયમાં સમાવેશ. | અધ્યાય-૧૮ | ભાષાદિલક્ષણ | સંસ્કૃત-પ્રાકૃત ભાષાના લક્ષણ, પ્રાકૃતની ત્રિવિધતા, વર્ણોચ્ચારના વિકાર, અતિભાષા, આર્યભાષા, જાતિભાષા, અને જાત્યંતરી ભાષા, ભાષાવિનિયોગ પ્રાંતીય પ્રાકૃત ભેદલક્ષણ. |
| | અધ્યાય-૧૯ | લૌકિક વાકયવિચાર | સંબોધનો અને નામો, સ્વરપ્રયોગ, કાકુવિધાન, ૬ અલંકાર, ૬ અંગ. |
| | અધ્યાય-૨૦ | દશરુપક | દશરુપકોનાં નામ લક્ષણ. |
| | અધ્યાય-૨૧ | ઇતિવૃત્ત વિચાર | ઇતિવૃત્તના બે પ્રકાર, પાંચ અવસ્થા, પાંચ અર્થ પ્રકૃતિ, પાંચ સંધિ, સંધ્યંગો, અર્થોપક્ષેપક - વિષ્કંભક, ચૂલિકા પ્રવેશક, અંકાવતાર. |
| | અધ્યાય-૨૨ | વૃત્તિવિચાર | ભારતી સાત્વતી કૈશિકી અને આરભટીનાં લક્ષણ. |
| | અધ્યાય-૨૩ | આહાર્ય અભિનય | વેશભુષા, રંગભુષા, આભરણો, નેપથ્યવિધિ. |
| | અધ્યાય-૨૪ | સામાન્ય અભિનય | હાવ, ભાવ, હેલા, નાયિકાભેદ, શૃંગાર રસ મૂલક વિધિ, દિવ્ય અંગનાઓની વેશભૂષા. |
| કેટલીક આવૃત્તિમાં આ અધ્યાય બે વિભિન્ન - સ્વતંત્ર અધ્યાયોમાં વહેંચાયેલો છે. | અધ્યાય-૨૫ | વૈશિકવિધિ | વેશ્યાઓ તથા વૈશિક લોકોનું વિસ્તૃત વર્ણન, દૂતી, તેનું કર્મ વિગેરે (કામશાસ્ત્રથી સંબંધિત અધ્યાય) |
| કેટલીક આવૃત્તિમાં આ અધ્યાય બે વિભિન્ન- સ્વતંત્ર અધ્યાયોમાં વહેંચાયેલો છે. | અધ્યાય-૨૬ | ~~ચિત્રાભિનય~~ ચિત્રાભિનય | સમય, પ્રસંગ, ઋતુઓ, ભાવો, વિભાવો, અનુભાવો, -સાંકેતિક અભિનય, આકાશવચન, આત્મગત જનાંતિક વિગેરે. |

| | | | |
|---|---|---|---|
| | અધ્યાય-૨૭ | સિદ્ધિ વિચાર | રુપકોની સફળતા નિષ્ફળતા, નાટ્યમંડળી વિગેરેનું વર્ણન. |
| | અધ્યાય-૨૮ | આતોદ્ય વિચાર | વાદ્યોના ચતુર્વિધ પ્રકાર, સ્વરો અને શ્રુતિઓ. |
| | અધ્યાય-૨૯ | જાતિરાગોનો ઉપયોગ | રાગ અને રસ વચ્ચેનો સંબંધ, વર્ણાલંકારો, ગીતિ પ્રકાર, ગાન. |
| | અધ્યાય-૩૦ | સુષિર વાદ્યો | સુષિર વૈષ્ણવ વિધિ વાંસળીમાં પ્રયોજાતા સ્વરો. |
| | અધ્યાય-૩૧ | તાલો | લય, તાલ, યતિ, આસારિત્. |
| કેટલીક આવૃત્તિમાં બે સ્વતંત્ર અધ્યાયોમાં વહેંચાયેલો. | અધ્યાય-૩૨ | ધ્રુવાઓ | ધ્રુવાઓના પ્રકાર અને લક્ષણ ગાતા વાદકનાં લક્ષણ. |
| | અધ્યાય-૩૩ | મૃદંગાદિવાદ્યો | મૃદંગ, પણવ અને દર્દુર વાદ્યો હસ્ત અને વાદકનાં લક્ષણ. |
| કેટલીક આવૃત્તિમાં આ બે અધ્યાયો એકજ અધ્યાયમાં | અધ્યાય-૩૪ | પ્રકૃતિવિચાર | પુરુષ અને સ્ત્રીઓની ત્રિવિધ પ્રકૃતિ નાયક નાયિકા લક્ષણ, બધા પ્રકારની સ્ત્રીઓના લક્ષણ. |
| | અધ્યાય-૩૫ | પાત્રોની ભજવણી | પાત્ર માટે વેષવિધાન, પ્રયોગના બે પ્રકાર સૂત્રધારનાં લક્ષણ, વિટ, શકાર, વિદુષક ગણિકા, આભરણકાર, મુકુટકાર વિ.નાં લક્ષણ. |
| કેટલીક આવૃત્તિમાં આ બે અધ્યાયો એકજ અધ્યાયમાં | અધ્યાય-૩૬ | નટશાપ | ઋષિઓ દ્વારા નટોને શાપ-પ્રાયશ્ચિત. |
| | અધ્યાય-૩૭ | નાટ્યવતાર | નહુષ રાજાની સહાયથી પૃથ્વીલોકમાં નાટ્ય. નાટ્યશાસ્ત્રનું મહત્વ અને મહાનતા |

## નાટ્યશાસ્ત્રમાં પ્રયોજાયેલ ભાષા

નાટ્યશાસ્ત્રની રચના સંસ્કૃત ભાષામાં થયેલી છે. કેટલાક શબ્દોના અપવાદ સિવાય બહુધા સરળ સંસ્કૃત ભાષાનો પ્રયોગ જોવા મળે છે. જો કે આ ગ્રંથને 'નાટ્યવેદ' કહેવામાં આવ્યો છે પણ તેની ભાષા વૈદિક નથી. વાલ્મિકી રામાયણની ભાષાની જેમ આની ભાષા પણ વાચક સરળતાથી સમજી શકે છે. 'નાટ્યશાસ્ત્ર'માં કેટલાક એવા પ્રયોગો જોવા મળે છે જે લૌકિક સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે નથી. દા.ત. ગૃહીત્વા માટે ગૃહ્ય અને છાદ્યિત્વા માટે છાદ્ય એવો પ્રયોગ મળે છે. એવીજ રીતે કેટલાક છંદોમાં સંધિનો અભાવ પણ જોવા મળે છે. જે લૌકિક સંસ્કૃતને અનુરુપ નથી. દા.ત. પુષ્પાક્ષં પુષ્પનાસં ચ અસિતં સિતમેવ ચ : ૧-૩૬. નાટ્યશાસ્ત્રમાં કેટલાક એવા શબ્દો પણ મળી આવે છે જે કેવળ નાટ્યશાસ્ત્રમાંજ પ્રયોજાયેલા હોય અન્યત્ર નહીં. દા.ત. કુતપ (વાદ્ય-વૃન્દ) અલ્લુકષણ (રોમાંચ) લલ્લન-મન્મન (નાંનાં બાળકો) ધૃષ્ટિ (પડકાર) નિસ્તંભ (અચંચળ). કેટલાક એવા શબ્દો પણ મળે છે જે કેવળ શબ્દકોશ અથવા અતિપ્રાચીન સાહિત્યમાં મળી આવે છે. દા.ત. ચક્ર (રાજ્ય) આયરત (પહોળું) ઓડ્ર (ઉડીસા) દ્રમિલ (દ્રવિડ) દોરક (દોરો) સભાસ્તાર (સભાસદ). આટલા અપવાદ સિવાય તથા અન્ય પારિભાષિક શબ્દોને બાદ કરતાં નાટ્યશાસ્ત્રમાં પ્રયોજાયેલી ભાષા પ્રસાદ ગુણથી યુક્ત છે.

## નાટ્યશાસ્ત્રની રચના શૈલી

નાટ્યશાસ્ત્રમાં ગદ્ય અને પદ્ય બંને પ્રકારની શૈલીઓ છે. એટલુંજ નહીં આ બંને શૈલીઓમાં પણ પરસ્પર સુક્ષ્મ ભેદ રહેલો છે. આ દૃષ્ટિએ રસ તથા ભાવ અધ્યાય, લક્ષણ, છંદ, વૃત્તિ, પ્રવૃત્તિ, સંગીત તથા પાત્રનિરુપણને લગતા અધ્યાયોની વિવેચન શૈલી વિશેષ ઉલ્લેખનીય છે કારણ કે આ વિષયોની વિવેચનામાં ગદ્ય અને પદ્યની અનેક શૈલીઓ પ્રયોજાયેલી જોવા મળે છે.

## નાટ્યશાસ્ત્રમાં પ્રયોજાયેલ ગદ્ય શૈલીનું સ્વરુપ

નાટ્યશાસ્ત્રમાં પ્રયોજાયેલ ગદ્ય શૈલીના મુખ્યત્વે ત્રણ રુપ છે અને તેનાથી ત્રણ પ્રકારના કાર્યો સાધવામાં આવ્યા છે.

(૧)

### ગદ્યમય સૂત્રમાં સિદ્ધાન્તનિરુપણ : (મૂળ સૂત્ર )

દા.ત. અધ્યાય-૬ માં રસ અંગેનું મૂળ સૂત્ર :

મૂળ સૂત્ર : તત્ર વિભાવાનુભાવવ્યભિચારિ સંયોગાદ્રસનિષ્પત્તિ: ।

વિભાવ, અનુભાવ, વ્યભિચારોના સંયોગથી રસ નિષ્પન્ન થાય છે.

(૨)

### સૂત્રમાં નિરુપવામાં આવેલ સિદ્ધાન્તનું ગદ્યમય ભાષ્ય દ્વારા સ્પષ્ટીકરણ (ભાષ્ય)

મૂળ સૂત્ર ઉપર નિરુકતકાર યાસ્ક, મહાભાષ્યકાર પતંજલિ અને પૂર્વમીમાંસાના ભાષ્યકાર શબરસ્વામીની પધ્ધતિનું ભાષ્ય જોવા મળે છે. દા.ત. ઉપર જણાવેલ રસસૂત્ર ઉપર તેમાં નિરુપાયેલ સિદ્ધાંતોનું ગદ્યમય ભાષ્ય દ્વારા આ રીતનું સ્પષ્ટીકરણ જોવા મળે છે.

ભાષ્ય : કો દૃષ્ટાન્ત: ? ઇતિ ચેત.... તસ્માન્નાટયરસાઇત્યભિવ્યાખ્યાતા:

અધ્યાય-૬ પૃ.૨૮૭ (ગા.ઓ.સી.)

(ભાષ્ય) આમાં દૃષ્ટાંત શું ? એના જવાબમાં કહેવાનું કે જેમ અનેક પ્રકારનાં શાક, વનસ્પતિ અને દ્રવ્યોના સંયોગથી (ખાદ્યના) રસોની ઉત્પત્તિ થાય છે તે પ્રમાણે અનેક પ્રકારના ભાવોના સાહચર્યથી (નાટ્યના) રસોની ઉત્પત્તિ થાય છે.... અનેક પ્રકારના ભાવોથી વ્યકત થતા વાણી અંગ અને સત્વથી ભરેલા સ્થાયી ભાવોનો સહૃદય પ્રેક્ષકો આસ્વાદ લે છે અને આનંદ વગેરે પામે છે તેથી તેને નાટ્યરસ કહેવામાં આવ્યા છે.

(૩)

વ્યાકરણ અને નિરુકત શૈલીમાં શબ્દોની વ્યુત્પત્તિ અને પરિભાષા :

અધ્યાય સાતમાં ભાવ, વિભાવ, અનુભાવ, આઠમાં અધ્યાયમાં અભિનય વિગેરે શબ્દોની વ્યુત્પત્તિ ગદ્યમાં વ્યાકરણ અને નિરુકત શૈલીમાં આપવામાં આવી છે. દા.ત. 'ભાવ'ની પરિભાષા આપતા ભરત જણાવે છે કે વાગંગસત્વોપેતાન્કાવ્યાર્થાન્ભાવયન્તીતિ ભાવા ઇતિ । અર્થાત્ વાણી અંગ સત્વથી યુકત કાવ્યાર્થની ભાવના કરે છે તેથી ભાવો છે. ભૂ ઇતિ કરણે ધાતુઃ તથા ચ ભાવિતં વાસિતં કૃતમિત્યનર્થાન્તરમ્ ભૂ ધાતુનો અર્થ કરવું (પણ) છે. આ રીતે ભાવયુકત કરેલું - વાસયુકત કરેલું - એ અનન્ય અર્થ છે. અહીં ગદ્ય શૈલીમાં ભાવની વ્યાખ્યા આપવામાં આવી છે.

શાસ્ત્રીય તત્વનિરુપણ માટે પ્રાચીનકાળમાં આ ત્રણે શૈલીઓ પ્રચલિત હતી. ઇ.સ.પૂર્વે પાંચમી સદીથી પહેલાં પાણિનિએ આ સૂત્ર શૈલીમાજ વ્યાકરણ રચ્યું હતું. આ સૂત્રો ઉપર ભાષ્ય લખતી વેળા પતંજલિએ જે વ્યાસ શૈલીમાં પાણિનિના મંતવ્યો સ્પષ્ટ કર્યાં છે તેજ શૈલીનો પ્રયોગ ભરતમુનિએ પણ નાટ્યશાસ્ત્રમાં ગહન વિષયોનાં સ્પષ્ટીકરણ માટે કર્યો છે. રસ તથા ભાવ અધ્યાયમાં સર્વત્ર વ્યાસ શૈલીના દર્શન થાય છે. નાટ્યશાસ્ત્રમાં પ્રયોજાયેલા ગદ્ય શૈલીના આ ત્રણ રુપો અત્યંત પ્રાચીન છે. જેની સરખામણી પાણિનિ, યાસ્ક તથા પતંજલિ વિગેરેની ગદ્ય શૈલી સાથે કરી શકાય. પાણિનિ, યાસ્ક વિગેરે આચાર્યો ઇ.સ.પૂર્વેની બીજી સદીથી છઠ્ઠી સદીની વચ્ચે થઇ ગયા. એટલે નાટ્યશાસ્ત્રમાં આ શૈલીનો પ્રયોગ નાટ્યશાસ્ત્રની વિવેચન પધ્ધતિની શાસ્ત્રીયતા તેમજ અતિ પ્રાચીનતાનું સમર્થન કરે છે, એમ જણાવી શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત[1] બે સંભાવનાઓ પ્રગટ કરે છે. કાં તો આ ત્રણ રુપોનો વિકાસ ક્રમશઃ થયો હોય જેમ કે પહેલાં સૂત્રોમાં સિધ્ધાંત નિરુપણ થયું હોય પછી શબ્દાર્થ તથા શબ્દ સ્વરુપની દૃષ્ટિથી શબ્દોનું વિશ્લેષણ થયું હોય અને છેલ્લે સૂત્રોમાં અનુસ્યુત વિચારો ઉપર વ્યાસ શૈલીમાં ભાષ્ય રચાયું હોય

અથવા તો પછી એમ પણ બને કે ભરતને આ ત્રણે શૈલીઓ પ્રયોગ માટે ઉપલબ્ધ હોય અને જરુર પ્રમાણે તેમણે ત્રણેનો પ્રયોગ કર્યો હોય.

## નાટ્યશાસ્ત્રમાં પ્રયોજાયેલ પદ્યશૈલીનું સ્વરૂપ

નાટ્યશાસ્ત્રમાં મુખ્યત્વે પદ્યનો પ્રયોગ થયો છે. આ પદ્ય મોટે ભાગે અનુષ્ટુપ છંદમાં છે. તે સૂત્ર અથવા કારિકાઓ રુપે છે, જેમાં ભરતમુનિએ પોતાના નાટ્યસિધ્ધાંતોનું આકલન કર્યું છે. આ કારિકાઓ ઉપરાંત વિચાર-સિધ્ધાંતના સમર્થન માટે આનુવંશ્ય આર્યાઓ, શ્લોક અને સૂત્રબધ્ધ આર્યાઓનો પણ ઉપયોગ કર્યો છે. વિષય વિવેચન કરતી વેળા તથા ઉદાહરણ આપતી વેળા ઉપજાતિ, આર્યા વિગેરે છંદોના ઉદાહરણ પણ મળે છે.

## આનુવંશ્ય શ્લોકો

આનુવંશ્ય શ્લોક ગુરુશિષ્યની પરંપરા વડે મળી આવેલ આર્યા અથવા શ્લોક રુપે છે. આનુવંશ્ય શ્લોક અથવા આર્યાઓ વડે સૂત્રાર્થનુંજ સંક્ષિપ્તમાં સમર્થન કરવામાં આવે છે એટલે તેને કારિકા શબ્દથી પણ ઓળખાવવામાં આવે છે.

ઉદાહરણ રુપે :

**અત્રાનુવંશ્યૌ શ્લોકૌ ભવત: :**
**યથા બહુદ્રવ્યયુતૈર્વ્યંજનૈર્બહુભિર્યુતમ્ ।**
**આસ્વાદયન્તિ ભુંજાના ભક્તં ભક્તવિદો જના: ॥**
**ભાવાભિનયસંબધ્ધાન્સ્થાયિભાવાંસ્તથા બુધા ।**
**આસ્વાદયન્તિ મનસા તસ્માન્નાટયરસા: સ્મૃતા: ॥**

**અધ્યાય ૬ /શ્લોક ૩૨-૩૩**

(અહીં પરંપરાથી પ્રાપ્ત બે શ્લોક છે. :

જે પ્રમાણે ઘણાં દ્રવ્યોથી મિશ્રિત થયેલા ઘણાં શાકથી તૈયાર થયેલા ભોજનનો ખાનારા અને ભોજનની સમજ ધરાવનારા લોકો આસ્વાદ લે છે તે પ્રમાણે ભાવ અને અભિનયના સંબંધવાળા સ્થાયી ભાવોનો મનથી આસ્વાદ લે છે, તેથી એ સ્થાયી ભાવોને

નાટ્યરસો' કહેવામાં આવે છે. શ્લોક ૩૨-૩૩)

આમ રસસૂત્ર પરના ભાષ્યમાં અપાયેલો ભોજનના સ્વાદની સરખામણી અને એના ઉપરથી ફલિતનો ખ્યાલ - એજ આ આનુવંશ્ય શ્લોક કે આર્યામાં સમર્પિત થયેલો મળે છે.

આનુવંશ્ય શ્લોકોના ઉપયોગની પરંપરા મહાભારતના વનપર્વ માં પણ જોવા મળે છે. મહાભારતના પ્રસિધ્ધ ટીકાકાર નિલકણ્ઠે અભિનવગુપ્તની જેમજ આનુવંશ્ય શ્લોકોને પરંપરાગત આખ્યાન શ્લોક રુપેજ સ્વીકાર્યા છે. આ આનુવંશ્ય શ્લોકોનો પ્રયોગ મુખ્યત્વે ૬ અને ૭ મા અધ્યાયમાં થયો છે. આ શ્લોકો પુર્વાચાર્યોની પરંપરામાંથી અવતરણ રુપે ટાંકવામાં આવ્યા છે અને તેના કર્તા ભરતમુનિ નથી.

## સૂત્રાનુબધ્ધ આર્યાઓ

સૂત્રાનુબધ્ધ આર્યાઓ 'આનુવંશ્ય' પ્રકારનોજ મોટે ભાગે જોવામાં આવે છે. સૂત્રરુપ કારિકાઓમાં અનુસ્યુત વિચારોનો વિસ્તારજ આ સૂત્રાનુબધ્ધ આર્યાઓ દ્વારા થયો હોવાનું શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત[2] તેમજ શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રી[3] જણાવે છે. ગધમાં જે નિરુપણ હોય તેનોજ લાઘવમાં એમાં નિર્દેશ મળતો હોવાનું કહી શ્રી કે.કા. શાસ્ત્રી આનુવંશ્ય અને સૂત્રાનુબધ્ધ વચ્ચે કોઇ સ્વરુપાત્મક ભેદ જોતાં નથી.

ઉદાહરણ રુપે :

અપિ ચાત્ર સૂત્રાનુબધ્ધે આર્યે ભવત:
ઋતુમાલ્યાલંકારૈ: પ્રિયજન ગાર્ન્ધવ કાવ્યસેવાભિ: ।
ઉપવનગમન વિહારૈ: શૃંગારરસ: સમુદ્ભવતિ ॥

(અધ્યાય ૬ /શ્લોક ૪૭)

(અહીં સૂત્રની પાછળ બાંધેલી બે આર્યા છે :
ઋતુ ફુલો અને અલંકારોથી, પ્રિયજન અને ગાંધર્વોની કાવ્યસેવાથી અને ઉપવનમાં જવું-વિહરવું એનાથી શૃંગાર રસનો ઉદ્ભવ થાય છે. ૪૭)

ભાષ્યમાં આવતો ઉત્તુમાલ્યાનુલેપનાલંકારેષ્ટજન વિષય વિગેરે પંકિતઓનો આ પદ્યબદ્ધ સંક્ષિપ્ત અનુવાદજ છે.

<u>પ્રકીર્ણ શ્લોકાત્મક પ્રમાણો</u>

અત્ર શ્લોક:, શ્લોકૌ, શ્લોકા:, આર્યા, આર્યે, આર્યા: વિગેરે નિર્દેશથી અનેક સ્થળોએ શ્લોક તથા આનુવંશ્ય સિવાયની આર્યાઓ પણ ટાંકવામાં આવી છે. શ્રી કે.કા.શાસ્ત્રી[૪] તેને ભાષ્યનો લગભગ એટલાજ વિસ્તારથી અનુવાદ જણાવે છે. કવચિત્ ભાષ્યમાં જે ન કહેવાયું હોય તેવું પ્રાસંગિક આવા શ્લોકથી આપવામાં આવે છે. દા.ત. સાતમાં અધ્યાયમાં ભાવોની વ્યાખ્યા પ્રથમ ગદ્યમાં આપી પછી તરતજ જે શ્લોક આપવામાં આવ્યા છે તેમાં ભાવના વ્યુત્પત્તિજનક અર્થમાં જે નથી કહેવાયું તે સૂચવાયું છે. જેમ કે વિભાવોએ લાવી આપેલા જે અર્થનો અનુભાવથી વાણી અંગ અને સત્વના અભિનયે ખ્યાલ આવે છે તેને ભાવ એવી સંજ્ઞા મળી છે. ભાષ્યમાં ભાવની વ્યુત્પત્તિ આપવામાં આવી છે જ્યારે અહીં ભાવનો સંબંધ વિભાવ અનુભાવ તેમજ અભિનયથી જોડી આપવામાં આવ્યો છે જે ભાષ્યમાં નથી. કયાંક આ શ્લોકો ભાષ્યમાં સૂચવાયેલા પારિભાષિક શબ્દોની વ્યાખ્યા આપતા હોય છે જેમ કે છઠ્ઠા અધ્યાયમાં હાસ્ય રસના પ્રકરણમાં ઉતારેલી આનુવંશ્ય આર્યાઓમાં હાસ્યના છ ભેદ આપતાં સ્મિત, હસિત, વિહસિત, ઉપહસિત, અપહસિત અને અતિહસિત એમ નામજ આપ્યા છે, તેની અત્ર શ્લોકા: થી વ્યાખ્યા આપવામાં આવી છે - કાંઇક જેમાં મલકાટ છે એવા લક્ષણથી અને સૌષ્ઠવયુકત કટાક્ષોથી જેમાં મોઢામાંના દાંત જોવામાં ન આવે તેવું ઉત્તમોનું ધીરજવાળું મલકવું તે સ્મિત (૫૪).

આ આર્યાઓ અને શ્લોકો પણ પૂર્વાચાર્યોની પરંપરામાંથી લેવામાં આવી છે તે ભરત રચિત નથી. ભયાનક રસના પ્રતિપાદનના સંદર્ભમાં આચાર્ય અભિનવગુપ્ત સ્પષ્ટપણે જણાવે છે કે પૂર્વાચાર્યોએ આ આર્યાઓને એક સાથે લખી છે જ્યારે ભરતે વીર રસથી અલગ પાડી ભયાનક રસના પ્રકરણમાં આ આર્યાઓનો પાઠ કર્યો છે. (અ.ભા.ભાગ-૧ પૃ.૩૨૭-૮)

## કારિકાઓ,શ્લોક તથા અન્ય છંદોબધ્ધ પદ્ય:

નાટ્યશાસ્ત્રમાં શ્લોક અથવા અનુષ્ટુપ છંદોનું બાહુલ્ય છે. આ શ્લોક કારિકારુપે પણ પ્રસિધ્ધ છે. આ કારિકાપ્રધાન નાટ્યશાસ્ત્રનો આચાર્ય અભિનવગુપ્ત તથા નાન્યદેવે સૂત્રરુપે પણ ઉલ્લેખ કર્યો છે. આ કારિકાઓ ઉપરાંત કેટલાક શ્લોક એવા પણ છે જેને આનુવંશ્યની શ્રેણીમાં મુકી શકાય. તે પણ પરંપરામાંથી અવતરણરુપે લેવામાં આવ્યા છે જેનો ઉલ્લેખ આગળ આપણે જોઇ ગયા. (અત્ર શ્લોકા:) આ સામાન્ય છંદો ઉપરાંત ૩૬ નાટ્યલક્ષણોને નાટ્યશાસ્ત્રની એક મુદ્રિત આવૃત્તિમાં (ગા.ઓ.સી.) ચાર ઉપજાતિ છંદોના માધ્યમ વડે રજુ કરવામાં આવ્યા છે. વૃત્તિ વિવેચનનો પ્રારંભ પણ ઉપજાતિ વૃત્તમાં થયો છે. આર્યા છન્દનો પ્રયોગ નાટ્યશાસ્ત્રમાં બહોળા પ્રમાણમાં થયો છે. છંદની દૃષ્ટિએ પદ્યશૈલીનો વિવિધતા પણ પૂર્વાચાર્યોની પરંપરામાંથી લેવામાં આવો છે. ઉપજાતિ અને આર્યા છંદોનો વિકાસ ખાસ મહત્વનો છે જે નાટ્યશાસ્ત્રની રચનાશૈલીનો સતત વિકાસ થતો રહયો હોવાનો સંકેત કરે છે.

## નાટ્યશાસ્ત્રના વિકાસના વિવિધ તબક્કા

નાટ્યશાસ્ત્રમાં વિભિન્ન કાળમાં પ્રચલિત ઘણી શૈલીઓનો સમન્વય કરવામાં આવ્યો છે તે ઉપરોક્ત વિવરણ પરથી સ્પષ્ટ થાય છે. એ ઉપરાંત નાટ્યશાસ્ત્ર એકી સાથે એકજ સમયે રચાયેલી કૃતિ ન હોવાનો પણ તે સંકેત કરે છે.

પાણિનિના નટસૂત્રોને આધારે નાટ્યશાસ્ત્ર મૂળે આ નટસૂત્રોની જેમ નાટ્ય સૂત્ર રૂપે પ્રચલિત હોવાની સંભાવના વિદ્વાનો સ્વીકારે છે. અભિનવભારતી પણ નાટ્યશાસ્ત્રનો ઉલ્લેખ ભરતસૂત્ર રુપે કરે છે. ભવભૂતિ પણ તે સૂત્ર ગ્રંથ હોવાનું સમર્થન કરે છે.

## શ્રી એસ.કે.દે.ના મત પ્રમાણે નાટ્યશાસ્ત્રનો વિકાસ

શ્રી એસ.કે.દે[5]ના મત પ્રમાણે નાટ્યશાસ્ત્રનું હાલનું સ્વરુપ કોઇ એક કાળ

અથવા કોઇ એક પ્રતિભાવાન્ વ્યકિતનું સર્જન નથી પણ અનેક યુગોની બૌધ્ધિક પ્રતિભાઓની દેણગીનું ઐતિહાસિક પરિણામ છે. તેમની દૃષ્ટિએ આ તબક્કાઓ નીચે પ્રમાણે છે :

1) ગધમય સૂત્રરૂપે સિધ્ધાન્ત નિરુપણ - મૂળ નાટ્ય-સૂત્ર.

2) કારિકાઓની રચના.

3) સૂત્ર ભાષ્ય શૈલીમાં સિધ્ધાંતોનું વિસ્તૃત વિવેચન.

4) પૂર્વાચાર્યોની પરંપરામાંથી લેવામાં આવેલ આનુવંશ્ય શ્લોકોનું મિશ્રણ.

નાટ્યશાસ્ત્ર મૂળ રૂપે ગધબધ્ધ સૂત્રશૈલીમાં રચાયું હોવાનું અને પછી કાળક્રમે કારિકારૂપે વિકાસ પામ્યું હોવાની શ્રી ઍસ.કે.દે.ની માન્યતાના મૂળમાં સૂત્ર ગધાત્મકજ હોય છે. પધાત્મક નહી એ વિચારણાં કામ કરી રહી છે.

અભિનયગુપ્ત કારિકાયુકત સંપૂર્ણ નાટ્યશાસ્ત્રને સૂત્ર માને છે તેના આધારે શ્રી પી.વી.કાણે[6] નાટ્યશાસ્ત્રને મુળરુપમાં ગધાત્મક સૂત્રરુપે નહીં પણ ગૃધ-પધ મિશ્રિત શૈલીમાં રચાયું હોવાનું જણાવે છે. તેમના મતે કારિકાઓ પણ સૂત્રબધ્ધજ છે અને સૂત્રમયતાને કારણે નાટ્યશાસ્ત્ર તથા નાટ્યપ્રયોગનો ઉલ્લેખ વેદ, ચાક્ષુષ ક્રતુ અને નયનોત્સવ રુપે થયો છે.

---

1 ભરત ઔર ભારતીય નાટ્યકલા.

2 એજન

3 નાટ્યશાસ્ત્ર પ્રદીપની પ્રસ્તાવના

4 નાટ્યશાસ્ત્ર અને આચાર્ય અભિનવગુપ્તાચાર્ય

5 Sanskrit Poetics Page 27-28

6 History of Sanskrit Poetics. Page-16